| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૧/૧૧/૨૦૨૩   શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૮૪૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૯ વ્યક્તિઓને ઝડપી, ૨૮ લીટર દેશી દારૂ, ૧૭૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૧૩ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૯૧,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૮૪૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ-   સમાચાર યાદી નં.૧૮૪૯/૨૦૨૩

**રાણીપઃ** પ્રિન્સ ભરતભાઇ શાહ (રહે. પુર્ણ પુરૂષોત્તમ સોસાયટી વિભાગ-૧ અર્જુન આશ્રમ રોડ રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૧/૨૦૨૩ સાંજના ૬/૩૦ થી ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ડુપ્લીકેટ ચાવીથી પોતાના મકાનના દરવાજાનું તાળું ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫,૨૫,૦૦૦/- તથા લેપટોપ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.ડી.ગોહીલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૫૦/૨૦૨૩</u>**

**શહેરકોટડાઃ** પપ્પુલાલ દેવીલાલ રબારી (ઉ.વ.૩૫) (રહે. ભુમી પાર્ક સોસાયટી માનસી ફ્લેટની બાજુમાં કૃષ્ણનગર) કંચન જવેલર્સ નામની દુકાન ખાતે નોકરી કરતા હોઈ તા.૦૯/૧૧/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ૧૦૦ ગ્રામ તથા ૫૦ ગ્રામની સોનાની બે લગડી થેલામાં લઈ મોટર સાયકલ ચલાવી કાલુપુર બ્રીજ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલની આગળ જતી ઓટોરિક્ષા ચાલકે બ્રેક મારતા મોટર સાયકલ અથડાઈ જતા પપ્પુલાલ રબારી નીચે પડી જતા અર્ધબેભાન થઈ ગયા હતા દરમ્યાન અજાણી વ્યક્તિએ બેગમાંથી સોનાની લગડીઓ કિમત રૂપિયા ૯,૬૦,૦૦૦/- ચોરી લીધી હતી. આ અંગેની ફરીયાદ પપ્પુલાલ રબારી એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી